# કોલેજ ઓફ અગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ના વિદ્યાર્થીઓની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત

કોલેજ ઓફ એગ્રિકલ્ચર આણંદ કૃષિ યુનિવર્સિટી વસો ના કુલ ૭૫ વિદ્યાર્થીઓએ તા. ૨૧/૦૯/૨૦૨૪ના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદની શૈક્ષણિક મુલાકાત કરી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ શાકભાજી પાકોના સંશોધન અને સંવર્ધન વિશે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાનો હતો. મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડા સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. આર. આર. આચાર્ય દ્વારા તમામ વિદ્યાર્થીઓને રોજિંદા આહારમાં શાકભાજી પાકોના મહત્ત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેમણે આહારમાં શાકભાજીનો સમાવેશ વ્યક્તિના આરોગ્ય માટે કેવી રીતે મહત્વપૂર્ણ છે તે સમજાવ્યું તેમજ કેન્દ્રમાં ચાલી રહેલા વિવિધ શાકભાજી પાકોના સંશોધન વિશે વિગતવાર માહિતી આપી. આ ઉપરાંત ડૉ. એન. એ. પટેલ અને ડૉ. એમ. એમ. પંડ્યા મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા શાકભાજી પાકોમાં નવી જાતોના વિકાસ માટે કરવામાં આવતા સંશોધનના મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું. તેઓએ પાકની ગુણવત્તા સભર ઉત્પાદન વધારવા માટે અપનાવવામાં આવતા વૈજ્ઞાનિક અભિગમોની વિસ્તૃત સમજણ આપી. આઉપરાંત ડૉ. પી. એમ. રહેવર અને ડૉ. વી. એન. કાપડિયા દ્વારા વિદ્યાર્થીઓને કારેલા, દુધી, ગલકા અને ભીંડા પાકોમાં હાઇબ્રીડ તેમજ સુધારેલા બીજના ઉત્પાદનની પ્રક્રિયાઓ વિશે માહિતી આપવામાં આવી. ગુણવત્તા યુક્ત બીજ ઉત્પાદનથી થતા ફાયદા, તેની વિશિષ્ટતાઓ અને તેનાથી ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉપજ મેળવવા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. કોલેજ ઓફ અગ્રીકલ્ચર વસોના ડૉ. નિશાબેન પટેલે શાકભાજી પાકોની માહિતી આપવા બદલ આભાર વ્યક્ત કર્યો.







